# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૫/૧/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

## ક્રેડીટ લેપ્સના નિરાકરણ તેમજ જીએસટીના વિવિધ પ્રશ્નોની ચેમ્બર દ્વારા નવી દિલ્હીથી સુરત આવેલી જીએસટી વિભાગની ટીમ સમક્ષ રજૂઆત

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નવી દિલ્હીથી સુરત આવેલા જીએસટી વિભાગના એડીશનલ ડાયરેકટર જનરલ શ્રી એસ.કે. રહમાન તથા તેમની ટીમ સમક્ષ ક્રેડીટ લેપ્સના નિરાકરણ માટે તેમજ જીએસટીના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે રજૂઆત કરવામાં આવી હતી. ચેમ્બર તથા અન્ય વિવર અગ્રણીઓએ વિવર્સની જે ક્રેડીટ સરકાર પાસે જમા છે એને વિવર્સ યુટીલાઇઝ કરી શકે એવી વ્યવસ્થા જીએસટી વિભાગ દ્વારા ગોઠવવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જીએસટી વિભાગના એડીશનલ ડાયરેકટર જનરલ શ્રી એસ. કે. રહમાન તથા તેમની ટીમ સમક્ષ ક્રેડીટ લેપ્સનો મામલો ઉકેલવા તેમજ જીએસટીના અન્ય પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત કરી હતી. તેમણે કહયુ હતુ કે, ક્રેડીટ લેપ્સના મામલે સૌથી વધુ વિવર્સ આલમ અસરગ્રસ્ત થઇ છે. આથી હવે આ મામલે વહેલી તકે બધાને નિરાકરણ જોઇએ છે.

વિવર્સ અગ્રણી શ્રી હિમાંશુ બોડાવાલાએ એવી રજુઆત કરી હતી કે, વિવર્સની જે ક્રેડીટ સરકાર પાસે જમા છે એને રૂપિયામાં વિવર્સને નહી આપવામાં આવે તો ચાલશે પણ એને વિવર્સ યુટીલાઇઝ કરી શકે એવી વ્યવસ્થા સરકાર દ્વારા કરવામાં આવે.

ફોગવાના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ રજૂઆત કરી હતી કે સરકાર દ્વારા વિવર્સની જમા ક્રેડીટ માટે જે લેપ્સનો શબ્દપ્રયોગ કરવામાં આવે છે એ 'લેપ્સ' શબ્દને જ કાઢી નાંખવામાં આવે તો તમામ સમસ્યાઓનું નિરાકરણ આવી જશે.

વિવર્સ અગ્રણી શ્રી રાજેન્દ્ર લાલવાલાએ રજૂઆત કરી હતી કે નેરો ફેબ્રિકસમાં જરી બોર્ડરને જીએસટીના સ્લેબમાં કાપડથી અલગ કરી દેવામાં આવી છે. ફેબ્રિકસની ઉપર ૫ ટકા જીએસટી લાગુ પડે છે ત્યારે એ જ કાપડમાંથી કાપીને છુટી કરવામાં આવેલી લેસને ૧૨ ટકા જીએસટી સ્લેબમાં ગણવામાં આવે છે. જયારે પ્રોડકટ તો એક જ છે. આથી જરી બોર્ડરનો પણ કાપડના ૫ ટકા જીએસટી સ્લેબમાં સમાવેશ કરવામાં આવે.

જરી ઉદ્યોગના અગ્રણી શ્રી બિપીન જરીવાલાએ એવી રજૂઆત કરી હતી કે કોપર, બ્રાઝ અને સિલ્વર બેઇઝ ટ્રેડીશનલ જરી અને મેટાલીક જરીને જીએસટીમાં એકજ હેડમાં રાખી એની ઉપર ૧૨ ટકા જીએસટી લાગુ કરવામાં આવ્યો છે. આથી આ બંનેને અલગ – અલગ હેડમાં નાંખવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી હતી. મેટાલિક જરી ઉપર ભલે ૧૨ ટકા જીએસટી સ્લેબ રહે પણ ટ્રેડીશનલ જરી માટે જીએસટી ૧૨ ટકામાંથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવે એવી રજૂઆત થઇ હતી.

નવી દિલ્હી જીએસટી વિભાગના ત્રણ અધિકારીઓની ટીમ સમક્ષ ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, શ્રી મયુર ગોળવાળા, પાંડેસરા વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી આશિષ ગુજરાતી, વિવર અગ્રણી શ્રી હિમાંશુ બોડાવાલા અને શ્રી રાજેન્દ્ર જરીવાલા, કીમ – પીપોદરા વિવર્સ એસોસિએશનના પ્રમુખ શ્રી રસિક કોટડીયા અને ઉપપ્રમુખ શ્રી જયંતિ જોલવા, ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખ શ્રી રાજેન્દ્ર ચોખાવાલા, ઉદ્યોગપતિ શ્રી ધીરુભાઇ શાહ, જરી ઉદ્યોગના અગ્રણી શ્રી બિપીન જરીવાલા અને દિપક જરીવાલા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.